ગાંધીનગર સમાચાર

તા. ૨૭-૭-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### બેઉ પક્ષે અનુચિત અભિગમ

લોકસભાની ચૂંટણીમાં માંડ ચુમાળીસનાં આંકડે પહોંચેલી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સંસદમાં વિપક્ષ પદ માટેની લાયકાત સુદ્ધાં નથી ધરાવતી એ બાબત સુપેરે જાણતી હોવા છતાં કોંગ્રેસની નેતાગીરીને યેનકેન પ્રકારે પોતાને વિપક્ષના નેતાનું પદ મળે એ માટે શરમ છોડીને તમામ પ્રયાસો કર્યા પછી પણ એને નિરાશા જ સાંપડી છે. ભારતીય જનતા પાર્ટીએ એટલી ઉદારતા દાખતવી હોય તો જનમાનસમાં એની છાપ વધારે ઊજળી બની હોત. નેતાપદે અટલબિહારી વાજપેયી કે લાલકૃષ્ણ અડવાણી જેવા પીઢ અને અનુભવી નેતા બિરાજતા હોત તો કદાચ કોંગ્રેસને એમને વગર માગ્યે વિપક્ષી નેતાપદ આપી દીધું હોત. બંધારણીય નિયમ મુજબ સાંસદોની કુલ સંખ્યાનાં ઓછામાં ઓછાં દસ ટકા સભ્યો ધરાવતી પાર્ટીને જ વિપક્ષના નેતાનું પદ આપવાની જોગવાઈ છે, એ તો એક ઔપચારિક માર્ગદર્શક વ્યવસ્થા છે. સદનના અધ્યક્ષ તરીકે સ્પીકરને આવા નિયમો હળવા કરવાની કે અતિક્રમવાની છૂટ હોય છે. ઈંદોરની સંસદની બેઠક પરથી સતત ચૂંટાતાં રહેતાં મહિલા સ્પીકરમાં પણ એટલી ઉદારતા ન જ હોય એમ માનવાને કોઈ કારણ નથી. કોંગ્રેસ પક્ષે વિપક્ષનું નેતાપદ પ્રાપ્ત કરવા માટે સ્પીકર સમક્ષ રજૂઆત કરી ત્યારે એમની નેતાગીરી એ એટલું કેમ નહીં વિચાર્યું હોય કે ભાજપ સરકાર કે પાર્ટીમાં નરેન્દ્ર મોદીને પૂછ્યા વિના પાણી પીવાની પણ કોઈ હિંમત કરી શકે એમ નથી. સ્પીકર સમક્ષ ખોળો પાથર્યા પછી સોનિયા અમ્માએ એમના પૂર્વ કોંગ્રેસી નેતા અને વર્તમાન રાષ્ટ્રપતિ પ્રણવબાબુની કચેરીમાં રાવ નોંધાવી. હવે તો નરેન્દ્ર મોદી ના છંછેડાય તો જ નવાઈ! કોંગ્રેસીઓમાં એટલી કોમનસેન્સ નહોતી કે સ્પીકર કે રાષ્ટ્રપતિની ડેલીએ દસ્તક દેવાને બદલે ફક્ત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યાલયમાં કે નિવાસસ્થાને જઈ મળી લઈએ. એમ કર્યુ હોત તો મોદીસાહેબે જરૂર એમની માગણી નિયમાનુસાર સંતોષી શકાય એવી ન હોવા છતાં ઉદારતાપૂર્વક વિપક્ષના નેતાપદની સખાવત કરી હોત. કદાચ એમને કોંગ્રેસ તરફથી નામજોગ આવી રજૂઆત કરવા કોંગ્રેસ અધ્યક્ષતાના રાજકીય સલાહકાર અહેમદ પટેલ એકલા જઈ આવ્યા હોત તોય પરિણામ મળી શક્યું હોત. મૂળે સવાલ 'ઈગો'નો હતો. પ્રણવ મુખર્જી પાસે જઈને યુપીએ અધ્યક્ષાએ કોંગ્રેસના સાથી પક્ષોના સાંસદો સહિત પંચાવન-છપ્પન સાંસદોની યાદી રજૂ કરી અને વિપક્ષ નેતાનું પદ કોંગ્રેસને મળવું જ જોઈએ એવી રજૂઆત કરી. ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસને એના વાજબી હકથી વંચિત રાખવા માગતી હોવાની ફરિયાદ પણ કરી. દેખીતું છે કે આવા આક્ષેપો પછી નરેન્દ્ર મોદી ન જ પીગળે. એમને રાષ્ટ્રપતિની ભલામણ સંદર્ભ ભારતના એટર્ની જનરલ મુકુલ રોહતગીની સલાહ માગી. તેઓ જાણતા હતા કે એટર્ની જનરલ બંધારણની જોગવાઈ મુજબ જ અભિપ્રાય આપશે. ટૂંકમાં કોંગ્રેસના બધા જ ઉધામા નિષ્ફળ ગયા. એટર્ની જનરલે સ્પષ્ટ અભિપ્રાય દર્શાવી દીધો કે કોંગ્રેસ પાસે જરૂરી સદસ્ય સંખ્યા નહીં હોવાથી એ વિપક્ષ નેતાપદ માટે લાયક નથી. હવે ગુલામ નબી આઝાદ સહિતના કોંગ્રેસી નેતાઓ સુમિત્રા મહાજનને થોડાં વધારે ઉદાર થઈ એમનો વિશેષાધિકાર વાપરી લોકશાહીના હિતમાં કોંગ્રેસને વિપક્ષના નેતાપદની લગાણી કરે એવી વિનંતી કરે છે, જેનો કોઈ જ અર્થ સરવાનો નથી. નરેન્દ્ર મોદી સરકાર પાસે કોંગ્રેસને અંગૂઠો બતાવવા માટે કોંગ્રેસ જ ભૂતકાળમાં દાખવેલ વલણના પૂરતા પૂરાવા છે. રાજીવ ગાંધી જંગી બહુમતીથી ચૂંટાઈ ત્યારે ૧૯૮૪માં સંસદમાં કોઈ અધિકૃત વિપક્ષ નહોતો એમ ઈંદિરાશાહીમાં પણ લોકશાહી કેટલી સચવાઈ હતી તે સર્વિવિદત છે. અલબત્ત, નરેન્દ્ર મોદીએ આખો મુદ્દો અધવચ્ચે પોતાને હસ્તક લઈ સામે ચાલીને સ્પીકરને કોંગ્રેસ પ્રત્યે ઉદારતાભર્યું વલણ દાખવવા જણાવ્યું હોત તો એમની રાષ્ટ્રીય નેતા તરીકેની ઈમેજમાં ચાર ચાંદ લાગી ગયા હોત. પરંતુ અહીં ઉભય પક્ષે ખોટો અભિગમ અપનાવ્યો છે અને તેથી લોકશાહીને જ નુકશાન પહોંચ્યું છે એવું નથી - હકીકતમાં બેઉ પક્ષોની આબરૂ જનમાનસમાં ઓછી થઈ છે.

## સે. ૮ સમર્પણ કોલેજમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું શંકરસિંહ વાઘેલાના હસ્તે સન્માન કરાયુ

ગાંધીનગર, તા. ૨૬

સેક્ટર-૮માં આવેલ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના હસ્તે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનવાનો અને પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા.





ગાંધીનગર સેક્ટર-૮માં આવેલ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં આજે સુસ્વાગતમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના ટ્રસ્ટી અને વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ જેમણે રાષ્ટ્રીય કક્ષાએ, રાજ્યકક્ષાએ અને યુનિવર્સિટી કક્ષાએ કોલેજની શાન વધારી છે. તેવા વિદ્યાર્થીઓને બાપુના હસ્તે સન્માનવામાં આવ્યા હતા.

તેમજ કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાઘેલા બાપુએ વિદ્યાર્થીઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ ભણવામાં અને શિક્ષકોએ ભણાવવામાં સમર્પિત થવું જોઈએ. કોલેજના સંકુલ નિયામક ડૉ. કિશોરસિંહે વિદ્યાર્થીઓને કર્મ, જ્ઞાન, રોગ જેવા ગુણો કેળવવા જોઈએ. આ પ્રસંગે બાપુ ગુજરાત નોલેજ વિલેજના રજીસ્ટ્રાર મુકેશભાઈ વેદ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્યા ઋચાબેન ભટ્ટે સંસ્થાનો પરિચય આપ્યો હતો. ઉપાચાર્ય ડૉ. દિપક પંડયાએ આભાર વ્યક્ત અને કાર્યક્રમનું સંચાલન પ્રો. નીતિનભાઈ પટેલ અને શ્વેતાબેન પવારે કર્યું હતું.

## ઈજનેરીના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૨૬

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજી, ભાટ, ગાંધીનગર કોલેજમાં એન્જીનીયરીંગનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. આપ્યા હતાં. સંસ્થાનાં ડાયરેક્ટર પ્રો. ધર્મેશ વંડરા સાહેબે એન્જીનીયરીંગનું મહત્વ અને ભવિષ્ય તેમજ સંસ્થાની માહિતી આપી હતી. આ પ્રસંગે ગાંધીનગર ગુરુકુલના ગવર્નર બોર્ડીના મેમ્બર શ્રી અક્ષરપ્રકાશ સ્વામી ખાસ




વિદ્યાર્થીઓનું સ્વાગત કંકુ ચાંદલો કરી અને ગોળ ધાણા ખવડાવી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન રામકૃષ્ણ સ્વામીએ મનોબળ અને પુરુષાર્થ દ્વારા જ સફળતા મળી શકે છે તેનું દૃષ્ટાંત આપી આર્શિવચન આશિર્વાદ આપવા હાજર રહ્યા હતા. સંસ્થા દ્વારા પ્રથમ દિવસથી શૈક્ષણિક કાર્ય સાથે યોગા, કોમ્પ્યુનીકેશન સ્કીલ અને પ્રર્સનાલીટી ડેવલપમેન્ટના વ્યાખ્યાન સાથે શરૂઆત કરી સમાજમાં ઉદાહરણરૂપ કાર્ય કર્યું હતું.

## રાજપુત સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

શ્રી રાજપુત સમાજ ગાંધીનગર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ સમાજના ભાઈ-બહેનોને આગમી તા. ૯ ઓગષ્ટના રવિવારના રોજ બપોરે ૨-૦૦ કલાકે રાજપૂત ભવન સે-૧૨ ખાતે સન્માનવામાં આવશે. ગાંધીનગરમાં વસતા રાજપુત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની પ્રમાણિત નકલ તા. ૪ ઓગષ્ટ મંગળવાર સુધી સમાજભવન અથવા સેકટરના પ્રતિનિધિને પહોંડવા માટે પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




**અમુક લોકો ચિતરામણ વાળા હોર્ડીંગ પસંદ નથી કરતા, માટે બ્લેક રાખ્યા છે, બોર્ડ પાસેથી નીકળે તેને અમારા બાઉન્સર આ રીતે પ્રોડક્ટ લેવા ભલામણ કરે છે..!!**

## આજથી વાવોલના સિધ્ધનાથ મહાદેવ ખાતે શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ

### સોમવતી અમાસના દિવસે ૨૧ કુંડી લઘુરૂદ્ર મહાયજ્ઞ પણ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે વાવોલના શ્રી સિધ્ધનાથ મહાદેવ ખાતે શ્રાવણ સુદ-૧ થી શિવ મહાપુરાણ કથા જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા તા. ૨૭મી જુલાઈથી તા. ૨૪મી ઓગષ્ટ સુધી ચાલશે. જેનો સમય બપોરે ૩ થી ૬ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત તા. ૨૫મી ઓગષ્ટ રવિવારે સોમવતી અમાસના દિવસે ૨૧ કુંડી લઘુરૂદ્ર મહાયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શ્રાવણ માસમાં શિવ ભકિતનો મહિમા રહેલો છે. આ પવિત્ર માસમાં વાવોલના સુપ્રસિધ્ધ સિધ્ધનાથ મહાદેવ ખાતે યોજાનારી આ શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞના વકતા જીતેન્દ્રભાઈ મહારાજ છે. આ મહાકથાનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી જનતાને આમંત્રણ આપવામાં આવ્યું છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ટુથ લવ એન્ડ મલિસ આત્મકથા કોની છે?
➜ **ખુશવંતસિંહ**
૨. દુનિયામાં સૌથી છેલ્લે કઈ ખનીજ શોધાઈ છે?
➜ **યુગ્ની યુનીસાઇટ**
૩. વર્ષ ૨૦૧૪માં નાશા સંસ્થાનું કયું અભિયાન નાસ થયું હતું?
➜ **લેડી**
૪. વર્ષ ૨૦૧૪ કયા દેશે ૨૦૧૯ના એશિયન ગેમ્સની યજમાની કરવાની ના પાડી હતી?
➜ **વિયેતનામ**
૫. વર્ષ ૨૦૧૪ પુલિત્ઝર પ્રાઈઝ મેળવનાર વ્યક્તિ કોણ છે?
➜ **વિજય સોસાંદ્રી**
૬. ગત ફોર ગ્લોરી સંસ્થાના સ્થાપક કોણ છે?
➜ **ગગન નારંગ**
૭. વર્ષ ૨૦૧૪માં ભારતમાં અલગ ટાઈમ ઝોન જાહેર કરનાર રાજય કયું છે?
➜ **આસામ**
૮. ભારતમાં પ્રથમ મહિલા પોસ્ટ ઓફિસ કયાં શરૂ કરવામાં આવી છે?
➜ **દિલ્હી**
૯. વર્ષ ૨૦૧૪માં NABARD (નાબાર્ડ) ના અધ્યક્ષ પદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **હર્ષકુમાર ભાનવાલ**
૧૦. હર્ષ ૨૦૧૪ દિલ્હીના પ્રથમ મહિલા ચીફ જસ્ટીસ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?
➜ **જી. રોહીણી**
૧૧. ભારતનું સૌથી પ્રદૂષિત શહેર કયું છે?
➜ **ન્યુ દિલ્હી**
૧૨. IPL સીરીઝમાં ૧૦૦ મેચો સૌ પ્રથમ રમનાર ખેલાડી કોણ છે?
➜ **સુરેશ રેના**
૧૩. ૨૦૧૪માં ભારતીય મૂળના કયા ન્યાયધીશને સિંગાપોરના એટર્ની જનરલ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે?
➜ **વી.કે.રાજા**
૧૪. ભારતીય કોલસા લિમિટેડ સંસ્થાના નવા અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **એ.કે. દુબે**
૧૫. રાષ્ટ્રીય રબર પોલિસી માટે બનાવવામાં આવેલી સમિતિનાં અધ્યક્ષ કોણ છે?
➜ **રજની રંજન રશ્મી**
૧૬. વર્ષ ૨૦૧૪ સંયુક્ત રાષ્ટ્રસંઘ જનસેવા દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૨૩ જૂન**
૧૭. તાજેતરમાં નિધન પામનાર માયા એજિલો કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?
➜ **લેખાકાર (લેખન)**
૧૮. વર્ષ ૨૦૧૪માં પશ્ચિમ આફ્રિકામાં કયા વાઈરસે હાહાકાર મચાવ્યો છે?
➜ **ઇલોવા વાઇરસ**
૧૯. વર્ષ ૨૦૧૫માં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કયા શહેરમાં કરવામાં આવશે?
➜ **ગાંધીનગર**
૨૦. વર્ષ ૨૦૧૪ યુનેસ્કોએ વિશ્વ ધરોહરની યાદીમાં ભારતની કઈ ઐતિહાસિક ઈમારતને સ્થાન આપવામાં આવ્યું છે?
➜ **રાણીની વાવ (રાણકી વાવ)**

# શ્રાવણ અને શીવ : આયા મૌસમ ત્યાહારો કા...!!!

દુધના ભાવમાં ભલેને કમ્મરતોડ વધારો થયો હોય..... સફરજન, ચીકુ કે પછી કેળા ભલેને ગમે એટલા મોંઘા થાય....પણ આ બધાની અસર એટલીસ્ટ એક મહિના સુધી તો કોઈ પર નહિ થાય કેમકે આજથી શરુ થઈ રહ્યો છે માસોત્મ માસ શ્રાવણ. અમે સ્કુલમાં હતા ત્યારે શ્રાવણના સોમવારે ૨ કે ૩ કલાક વહેલા સ્કુલથી છૂટી જતા હતા, આ હતો નાનપણમા શ્રાવણ સાથેનો પહેલો સાક્ષાત્કાર. શ્રાવણ એટલે દેવાધિદેવ શિવનો ભક્તિ, પૂજા, તહેવારોથી ભરપુર મહિનો. શિવના ભક્તો ભાવવધારાની પરવા કર્યા વગર શિવલિંગ પર તાંબાની લોટીમાંથી ધીમી ધારે દુધનો અભિષેક કરતા કરતા ભોળાનાથની સાધના કરવાના. પવિત્ર બીલીપત્રો ભોલાનાથને અર્પણ કરતા કરતા ભવાટવીના દુખો કાપવાની અરજ કરતા રહેવાના. હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાદો શિવાલયોમાંથી ઉઠવાના. ચોખલિયા લોકો ભલે દુધના બગાડની બકબક કર્યા કરે એનાથી શ્રદ્ધાળુઓ પર કોઈ ફરક નથી પડતો. આફ્ટરઓલ દરેક ધર્મમાં ભક્તિ માટેના અમુક ચોક્કસ નિયમો બનાવવામાં આવ્યા જ છે અને જગતના દરેક ધર્મોમાં આ શ્રધ્ધા અને અંધશ્રદ્ધાવાળો વિવાદ ચાલ્યા જ કરતો હોય છે પણ જે ધર્મ અને એના નીતીનીયમોમાં માને છે એ ભાવિકોને એનાથી કોઈ ફર્ક નથી પડતો અને પડવો પણ નાં જોઈએ કેમકે કહેવાય છે ને કે ભક્તિ કોઈ અડચણની મોહતાજ નથી હોતી. ગુજરાત અને સમગ્ર ભારતમાં બેક મહિના પૂર્વે વરસાદ ખેચાતા દુષ્કાળના ડાકલા વાગવા લાગ્યા હતા પણ દેર સે હી સહી પણ સમગ્ર ગુજરાતમાં નોંધપાત્ર વરસાદનું આગમન થઈ ગયું છે અને હજુ પણ વરસાદી માહોલ જામેલો જ હોવાથી લોકોના કપાળે દુષ્કાળની ચિંતા લકીરો થોડી ઓછી થવાથી શ્રાવણને ઉજવવાનો અને ઉમંગભેર ભક્તિ સાથે શીવને જપ્વાનો ઉત્સાહ દેખાઈ આવે છે. મેઘરાજાની સાર્વત્રિક મહેરથી લોકોમાં શ્રાવણ અને શ્રાવણના આગમન સાથે જ શરુ થતા તહેવારોને રંગેચંગે ઉજવવાનો માહોલ બનતો જાય છે.

શિવ દયાના સાગર ગણાય છે, ભોળા અને રીઝવવા એકદમ આસન એટલે તો એમને ભોળાનાથ કહેવાય છે અને ભોળાનાથની પૂજા-ઉપાસના કરવાનો ઓફિસિયલ મહિનો એટલે શ્રાવણ. જીવનને શિવમય બનાવી ધન્યનતા પામવાનો અનેરો અવસર એટલે જ શ્રાવણ માસ. શિવજીનુ નિયમિત પૂજન કરવાથી આપણી બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે અને દુઃખ કે ખરાબ સમય જોવો પડતો નથી. ધન કે પરિવાર સાથે જોડાયેલી બધી સમસ્યાઓનું નિરાકરણ થઈ જાય છે. નિયમિત શિવની પૂજા કરવાથી જીવનમાં આવનારા કષ્ટોનું નિવારણ, ઉકેલ અને રસ્તો આસાનીથી -ાપ્ત થાય છે પણ આજકાલની ફાસ્ટ લાઈફમાં જયાં પરિવાર માટે પણ લોકો પાસે ઓછો સમય હોય છે ત્યારે નિયમિતપણે મંદિરે જઈને ભગવાનની પૂજા-અર્ચના કરવાનો તો સવાલ જ નથી ઉભો થતો પરંતુ શ્રાવણ મહિનો કદાચ આમાં અપવાદ રૂપ છે. શ્રાવણમાં શિવભક્તો (અને શિવભક્તો ના હોય એ પણ) યેનકેન -કારે શિવભક્તિનો સમય કાઢી જ લ્યે છે. સાંજે મોડા ઘરે આવતા ભક્તો વહેલી સવારે શિવલિંગ પર લોટો જળ અને બીલીપત્ર અચૂક ચડાવાય એવું સમયપત્રક ગોઠવી લે છે. ભલે શ્રાવણ પૂરતું તો શ્રાવણ પૂરતું પણ શિવાલયોમાં જનારા લોકોની સંખ્યા વધતી તો જાય જ છે અને આજની ભાગદોડવાળી લાઈફમાં કમ સે કમ ધર્મ સાથે આ રીતે પણ જો લોકો કનેક્ટ રહેતા હોય તો એમાં ખોટું શું છે?

આમ તો શિવની ઉપાસના ગમે ત્યારે કરી શકાય છે. શિવ જ કદાચ એક એવા દેવ છે કે જેની ઉપાસના માટે કોઈ ખાસ વિધિવિધાન કે ચોક્કસ નીતીનીયમોની જરૂર નથી પડતી. છતાં પણ શ્રાવણમાં શિવની ઉપાસનાનું વિશેષ મહત્વ છે. હિંદુ ધર્મના મુખ્ય ત્રણ દેવતાઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પૂજા - ઉપાસના કરવી એ હિંદુધર્મનો પાયો છે પણ જો નિયમિત રીતે શિવની આરધના ના થઈ શક્તિ હોય તો ફક્ત પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન શિવની આરાધના, ભક્તિ આખા વર્ષની ભક્તિ સમાન ફળ આપે છે અને આ તો ખુદ જ ભોળાનાથ. શિવ પોતાના ભક્તોની સમ્પૂર્ણ રક્ષા કરે છે. શીવ તો એક બીલીપત્રથી પણ રીજી જાય કે ચમચી દુધનો ચડાવો પણ સ્વીકારી લે. એ પોતે જ અલગારી અને અમોહી છે, નિર્વિકારી છે. નિરંકારી છે એ તો જે પણ -ેમથી અર્પણ કરો એ સ્વીકારી લે છે. આપણા ધર્મશાસ્ત્રોમાં શ્રાવણ માસનું બહુ જ મહત્ત્વ છે. જેવી રીતે નદીઓમાં ગંગા, દેવતાઓમાં વિષ્ણુ, પર્વતોમાં હિમાલયનો મહિમા છે તેમ બાર માસોમાં વ્રતપૂજનાદિ માટે અને તેમાંય ખાસ કરીને ભગવાન શિવની ઉપાસનાનું વિશેષ મહત્ત્વ છે.



વિગેરે...વિગેરે...

- અજય ઉપાધ્યાય

આખોય શ્રાવણ મહિનો શીવભક્તીથી ભરપુર ગણાય છે પણ શ્રાવણીયા સોમવારનું અદકેરું મહત્વ છે. આમ તો શ્રાવણમાં મોટાભાગે ચાર જ સોમવાર આવતા હોય છે પણ આ વખતના શ્રાવણ માસમાં એક દાયકા બાદ એવું બન્યું છે કે ચારની બદલે પાંચ સોમવાર આવે છે. આજથી શરુ થતા શ્રાવણ મહિનાનો બીજો દિવસ જ સોમવાર છે અને છેલ્લો પણ. હિંદુ ધર્મમાં દરેક વારને કોઈ ને કોઈ દેવી કે દેવતાઓ સાથે જોડીને એમની ઉપાસના કરવાના સ્વરૂપે જોવાય છે એ જ ક્રમમાં સોમવારને શીવનો વાર કહેવાય છે. સોમવારે શિવાલયોમાં રોજ કરતા વધુ ભક્તો જોવા મળે. શાસ્ત્રોમાં પણ સોમવારના દિવસે કરાતી શીવની આરાધના વધુ ફળ આપનારી ગણાવી છે. શિવભક્તો તો લગભગ દર સોમવારે ઉપવાસ કે એકટાણું કરવાનો નિયમ રાખતા હોય છે પણ શ્રાવણના સોમવારે આ ભક્તિ અને અર્ચનાનું ફળ બેવડાય જાય છે. શ્રાવણ માસમાં ઉપવાસ કરવાનો અનોખો મહિમા છે. ઘણા તો આખો મહિનો શ્રાવણના ઉપવાસ કે એકટાણા કરતા હોય છે પણ જે લોકો આખો મહિનો ના કરી શકે એ ફક્ત સોમવારે ઉપવાસ કરીને પણ શિવભક્તિ કરી શકે છે. આમ તો શ્રાવણના સોમવારના ઉપવાસનું ધાર્મિક મહત્વની સાથે સાથે એનું શારીરીક દ્રષ્ટિએ પણ અનેરૃ મહત્વ છે.ચોમાસામાં આવતા શ્રાવણ માસમાં ઉપવાસ કરવા બાબતને તબીબોએ પણ સમર્થન આપ્યું છે કારણ કે ચોમાસા દરમ્યાન પાચનક્રિયા મંદ થતી હોવાથી ઉપવાસ કરવાથી શારીરીક સ્વસ્થતા જળવાઈ રહે છે. ઉપવાસથી આત્મીયબળમાં વધારો થાય છે એવું ક્યાંક વાંચવામાં આવેલું જો કે સોમવારના ઉપવાસને ધર્મ સાથે વિશેષ લાગે વળગે છે. જો કે સોમવારના ઉપવાસ વખતે બહુધા ભક્તો રોજના કરતા પણ વધુ વાનગીઓ અને ખોરાક ઝાપટી જાય છે એ અલગ વાત છે. આ તો જેવી જેની ભક્તિ પણ મોટાભાગે શિવભક્તો પૂરી શ્રધાપૂર્વક સોમવારના ઉપવાસ કરતા હોય છે.

સમય મુજબ શ્રધા અને ભક્તિના -કારો બદલાતા રહેતા હોય છે પણ એનું પાયાનું તત્વ યથાવત જળવાતું રહે છે. એક સમયે ૧૦૦૧ કે ૧૦૧ બીલીપત્રો શિવલિંગ પર ચડાવનાર ભક્ત સમયને અનુરૂપ આજે પાંચ બીલીપત્ર કે લોટો ભરીને દુધાભીષેકની જગ્યાએ નાની લોટી ચડાવતો થઈ ગયો છે પણ શીવની આરાધનાનો મૂળ ભાવ એમ ને એમ જ છે. દુનિયા ઝડપી થઈ ગઈ છે અને સમય સુપર સ્પીડી એટલે આટલો બદલાવ તો બનતા હૈ. દરેક ધર્મો આસ્થા અને શ્રધ્ધા પર ટકેલા હોય છે. પરચાઓ, ચમત્કારો કે કૃપાઓ ના વરસાદો એ દરેક ના અંતરમન માં પોતપોતાની રીતે અલગ અલગ અનુભવાતી પરિસ્થિતિઓ છે. શીવ એ જ છે સદીઓથી બદલાયા છે તો એની ભક્તિના -કારો. છતાં પણ શ્રાવણ નું સ્વરૂપ હજુ ખાસ બદલાયું નથી. આજે પણ એ જ ભક્તિ અને ઉમંગથી શીવ આરાધના અને શીવ પૂજાઓ થાય છે. નાસ્તિકો ને મન શિવલિંગ પરથી વહેતું થઈને ગટરમા કે મંદિર પાચળ નીક મા વહી જતું દૂધ ચર્ચાનો વિષય હોય શકે પણ શિવભક્તો માટે નહિ જ. જગતના ઘણા બધા ધર્મો મા શ્રધા અને અંધશ્રદ્ધા વિષે ખેચતાણ ચાલતી રહે છે અને ચાલતી રહેવાની પણ ધર્મો ટકી રહે છે એના ધર્મિક મૂલ્યો પર, એની સામાજિક અસરો પર.

શ્રાવણ શીવની ભક્તિ તો લાવે જ છે પણ સાથે સાથે લાવે છે શ્રાવણથી શરુ થતા હિંદુ તહેવારોની છડી પણ. શ્રાવણ એ તહેવારોની હારમાળાનો ઓફિશિયલી આલબેલ પોકારે છે. શ્રાવણથી શરુ થાય છે સામાજીક ઉમંગોનો સમય. શ્રાવણની ભક્તિની સાથે સાથે અનેક વિધવિધ તહેવારો લાઈનબંધ ઉભા રહી જાય છે લોકોના ચહેરા પર અને જીવનમા ખુશી, હાસ્ય, રંગ વિખેરવા અને કૌટુંબીક - લાગણીભર્યા માહોલમા લઈ જવા. રજાઓનું લીસ્ટ જોઈ લેજો મોટાભાગની રજાઓની આલબેલ શ્રાવણ એટલે કે જુલાઈ - ઓગષ્ટથી જ પોકારતી હશે. અને એનું એક કારણ છે કે અષાઢ હજુ હમણાં જ ગયેલો હોય છે, આકાશ વરસી વરસીને સમાધીમાં બેઠેલા મુનીની જેમ શાંત હોય છે, ધરતી વરસાદી માહોલમા કોઈ નવોઢાની જેમ ચારેકોર લીલી હરિયાળીની ચુંદડી ઓઢીને વનરાજીઓ અને અદભુત ઠંડા અને આહલાદક માહોલથી મલપતી હોય છે. શ્રાવણથી સૃષ્ટિનું એક મનોરમ્ય અને આંખને ઠંડક આપતું દ્રશ્ય રચાય છે અને એમાં ભળે છે અનેકવિધ તહેવારો, અને તહેવારો પણ એવા કે જેમાં સમાજનો સમગ્ર વર્ગ આનંદપૂર્વક ભાગ લઈ શકે અને એને ઉજવી શકે.

શ્રાવણ અને સોમવારે અનેક જગ્યાએ ભરાતા નાનામોટા મેળાઓ તો છે જ પણ શ્રાવણમા જ આવતા અનેક તહેવારોની ઉજવણી લોકોને વિષમ પરીસ્થીતીવાળા જીવનમા રાહત અને ખુશીની ઘણી ઘડીઓ પૂરી પડે છે. ભૈયા મેરે રાખી કે બંધન કો નીભાના ગાતી ગાતી ભાઈ પાસે રક્ષા અને હુંફની ટેક રખાવતી બહેનાના -ેમવાળી શ્રાવણી પૂર્ણિમાએ આવતી રક્ષાબંધન. શંકર ભગવાનની સાથે સાથે એમના અમુલ્ય ઘરેણા જેવા નાગરાજની પૂજાનો દિવસ નાગપંચમી. નાગને દેવતા ગણીને કરાતી પૂજાનો આ દિવસ પણ શ્રધાધાપુર્વક ઉજવાતો તહેવાર જ છે. એના બીજા જ દિવસે આવતો ઠંડું ખાઈને શીતલા માતાની ઉપાસના કરવાનો દિવસ રાંધણ છઠ અને પછીના દિવસે શીતળા સાતમ. સાતમ પછી તહેવારો નો તહેવાર જન્માષ્ટમી. કાના નો જન્મદિવસ અને એની ધામધુમથી ઉજવણી. શોભાયાત્રાઓ, મેળાઓ અને ખુશીનો અને ઉત્સવનો માહોલ -જાને ઘડીભર બધું ભુલાવી દે છે.ખાસ કરીને સૌરાષ્ટ્ર બાજુ જન્માષ્ટમી સહીત આ બધા જ ઉત્સવોની ઉજવણી હજુ પણ પરમ્પરા મુજબ અને પૂરી શ્રધ્ધા થી થાય છે. જન્માષ્ટમી ના મેળાઓ એ સૌરાષ્ટ્ર બાજુની ખાસિયત છે અને એમાં ઉમંગભેર અને ઉત્સાહભેર ભાગ લેવો એ એક અદ્ભુત લહાવો છે. -દેશ -દેશ મુજબ તહેવારો ઉજવાતા હોય છે પણ શ્રાવણ અને શ્રાવણ ના તહેવારો થી જીવન મા એક અલગ જ -કારનો બદલાવ અને ઉમંગ અનુભવાય છે.

કોઈને આ ધાર્મિક લેખ લાગી શકે પણ એવું બિલકુલ નથી. શ્રાવણ, શીવ અને તહેવારોને બધા પોતપોતાની દ્રષ્ટીએ નીરખે છે. શ્રાવણમા ભક્તિની સાથે સાથે ઘણા આકરી ટેક પણ રાખતા હોય કે એનાથી વિપરીત ઘણા માટે શ્રાવણ જુગાર રમવાનો મહિનો પણ હોઈ શકે પણ સરવાળે શ્રાવણ અને શીવનું એક મહત્વનું કામ છે જીવને શાતા પહોચાડવાની અને શ્રાવણ અને શ્રાવણથી શરુ થતો ઉત્સવી માહોલ એ કામ સુપેરે કરે છે. શ્રાવણ એ તમને શીવ સાથે એકાકાર કરે છે તો એના નિયમો, તહેવારોથી જીવનને નવી દિશા અને નવા ઉમંગો મળે છે. ભક્તિની આધ્યાત્મિકતાની સાથે સાથે તહેવારોની ખુશી એ શ્રાવણમા આપણને શીવ તરફથી મળતું વરદાન છે. લોકો જૂની સંસ્કૃતિને ભૂલતા જાય છે એવી દે ઠોક ફરિયાદો કરનારાઓએ વહેલી સવારે નજીકના શિવમંદિરમા થતી આરતી વખતે કે મેળામાં ઉત્સાહભેર કુટુંબને લઈને આનદ મનાવતા લોકોના ચહેરાઓ જોઈ લેવા.. ધરમ અને આસ્થા એટલી જલ્દી ઓછી કે ખતમ નથી થતી હોતી એનું શ્રાવણ (કે ઈવન કોઈ પણ ધર્મના તહેવારો) અલૌકિક ઉદાહરણ છે.... ઓમ નમઃ શિવાય!!!

રીમાઈન્ડર :

રુદ્રાશ્ર = રુદ્ર : એટલે ભગવાન શિવ અને 'અક્સ' એટલે શિવના આંસુ. વૈદિક શાસ્ત્રમાં રૂદ્રાક્ષના વૃક્ષને શિવજીના આંસુની ઉત્પત્તિ માનવામાં આવેલ છે.